
## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



ગિરીશભાઈ કે. શાહ
(૧૯૪૩) મો. ૯૪૨૬૨૪૧૮૬૦

## ભાડુઆતની જાણ ન કરનાર છત્રાલનો મકાન માલિક ઝડપાયો

કલોલ, તા. ૨૩

જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં સ્થિત છત્રાલ ગામમાં સુથાર ભાવેશ પોપટભાઈ નામની વ્યકિતએ તેમનું મકાન ભાડુઆતને આપ્યા બાદ પણ સ્થાનિક પોલીસને જાણ ન કરી હોવાની બાતમીને આધારે ગઈ કાલે પોલીસે ચેકીંગ કર્યું હતું. છત્રાલમાં આકસ્મિક ચેકીંગ દરમિયાન ઉપરોકત બાતમી હકીકત પુરવાર થઈ હતી. જેને પગલે પોલીસે સુથાર ભાવેશ (મકાન માલિક) વિરુધ્ધ જિલ્લા કલેકટરના જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરી તેના વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સાંતેજની ફેકટરીમાંથી પટકાતા શ્રમિક ઘાયલ

કલોલ, તા. ૨૩

કલોલના સાંતેજ ખાતે સ્થિત જીઆઈડીસીની સાકાર ફેકટરીમાં કામ કરતી વખતે ફેકટરીમાં જ રહેતો ૧૮ વર્ષીય શ્રમિક યુવાન રાજેન્દ્ર રામનાથ દરજી ઉંચાઈએથી નીચે પટકાતા ગંભીર રીતે ઘવાયો હતો. ઈજાગ્રસ્ત શ્રમિકને તાત્કાલિક કલોલથી અમદાવાદ વધુ સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. કલોલ તાલુકા પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી તપાસનો દોર શરુ કર્યો છે.

## કલોલ તાલુકામાં લઘુ અખબાર સંઘની રચના

કલોલ, તા. ૨૩

પરમ પૂજય લકીમાતાના ગાદીપતે પૂ. પ્રહલાદભાઈ એ. પ્રજાપતિનાં અધ્યક્ષસ્થાને કલોલમાં કલોલ તાલુકા લઘુ અખબાર સંઘની રચના કરવામાં આવી. આ કલોલ તાલુકા લઘુ અખબાર સંઘના પ્રમુખપદે રજનીભાઈ ગોરધનદાસ મિસ્ત્રી અને મંત્રી પદે નવિનચંદ્ર શિવશંકર જોષીની નિમણુંક કરવામાં આવી હતી તેમજ વિષ્ણુભાઈ જી. પટેલ સહિત કારોબારી સભ્યો નિમાયા હતાં.

### ગાંધીનગર જિલ્લામાં વણથંભી વિકાસયાત્રાનો શુભારંભ

# કલોલ તાલુકામાં રૂ. ૪૪ લાખથી વધુના વિકાસ કામોનું લોકાર્પણ-ભૂમિપૂજન કરાયું



કલોલ, તા. ૨૩

લાખથી વધુના વિકાસ કામોનું લોકાર્પણ-ભૂમિપૂજન કરાયું ગાંધીનગર ગુરૂવારે કલોલ તાલુકાના ભોયણમોટી ગામથી આજરોજ ઉદ્યોગ, ખાણ, ખનીજ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજય મંત્રી શ્રી સૌરભભાઈ પટેલના હસ્તે વણથંભી વિકાસ યાત્રા - ૨૦૧૨નો આરંભ કરવામાં આવ્યો હતો. કલોલ તાલુકાની ભોયણમોટી, વડસર અને જાસપુર, છત્રાલ, પાનસર, અને ઓળા ગામ ખાતે મંત્રીશ્રીના હસ્તે રૂપિયા ૨૫ લાખ ૮૦હજારના ૧૬ વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂપિયા ૧૮ લાખ ૫૪ હજારના વિકાસ કામોનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. પંચાયત રાજ સ્થાપના સ્વર્ણિમ વર્ષની ઉજવણી નિમિત્તે ત્રિસ્તરીય પંચાયતીરાજ સંસ્થાઓના ચુંટાયેલા ૪૦ પૂર્વ -તિનિધિઓનું મંત્રીશ્રીના હસ્તે શાલ અને -માણપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ -સંગે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજય મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, ૧ મે ૧૯૬૦ના રોજ ગુજરાત રાજયની સ્થાપના થઈ હતી. ત્યાર પછી રાજયની -ગતિમાં ત્રિસ્તરીય પંચાયતરાજનો અમૂલ્ય ફાળો રહયો છે.પંચાયત રાજની સ્થાપનાના સ્વર્ણિમ વર્ષની ઉજવણી સમગ્ર રાજયમાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની -રણાથી થઈ રહી છે. આ નિમિત્તે ૫૦ વર્ષમાં પોતાના ગામ, તાલુકા અને જિલ્લાનો વિકાસ કરવા અમૂલ્ય યોગદાન આપનાર વ્યકિતઓનું સન્માન કરવામાં આવી રહ્યું છે.

મંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, જયોતિગ્રામ યોજના અંતર્ગત સમગ્ર દેશમાં ગુજરાત જ એક એવું રાજય છે કે જયાં રાજયના ૧૮ હજાર ગામડાઓ સહિત શહેરોમાં ૨૪ કલાક વીજળી આપવામાં આવી રહી છે. ગામડાઓમાં વીજળી આવતા લઘુઉદ્યોગ શરૂ થવા લાગ્યા છે. ગામડા તુટતા બંધ થયા છે. ગામડાનું જીવન ધોરણ પણ ઉંચુ આવ્યું છે. તે સિવાય રાજયમાં પંચ શકિતને અનુરૂપ કરવામાં આવેલ વિવિધ વિકાસની વિસ્તૃત વાત કરી હતી.

આ -સંગે સમાજ કલ્યાણ વેલફેર બોર્ડના ચેરમેન શ્રી હેમલત્તાબેન ખારોટ, જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ.ગાંધી, ગાંધીનગર જિલ્લા ભાજપ -મુખ શ્રી શકુંતલાબેન પટેલ, મહામંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલ, કલોલ -ાંત અધિકારી શ્રી હિમાંશુભાઈ પટેલ, મામલતદાર શ્રી સુનિલભાઈ પટેલ, કલોલ તાલુકા ભાજપના -મુખ શ્રી બળદેવજી ઠાકોર, ભોયણમોટી ગામના સરપંચ શ્રી નટુજી ઠાકોર, વડસર ગામના સરપંચ શ્રી નરેન્દ્રભાઈ પટેલ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતા.

### વૃદ્ધાને ઝેર પીવડાવવાનો પ્રયાસ કરી લુંટ ચલાવનાર ચાર વર્ષે ઝડપાયો

# કલોલ ડીવાયએસપી સ્કવોર્ડે ત્રણ વોન્ટેડ આરોપીઓ ઝડપી પાડ્યા

### કલોલના હીટ એન્ડ રન કેસનો નાસતો ફરતો આરોપી દહેગામથી ઝડપાયો : માણસાના ફ્રોડ શખ્સની પણ ધરપકડ

કલોલ, તા. ૨૩

જિલ્લા વિસ્તારમાં ગુનો આચરીને નાસતા ફરતા ગુનેગારોને પકડવા માટે કલોલ ડીવાયએસપીએ તૈયાર કરેલી સ્કવોર્ડે લુંટ, છેતરપીંડી તથા હિટ એન્ડ રન જેવા ત્રણ ગુનાઓના વિવિધ ત્રણ આરોપીઓને પકડી પાડ્યા છે. ઉલ્લેખનીય છે કે ઝડપાયેલ ત્રણ આરોપીઓ પૈકી લુંટનો આરોપી છેલ્લા ચાર વર્ષથી અડાલજ પોલીસ સ્ટેશનમાં વોન્ટેડ છે.

કલોલ ડીવાયએસપી ઉષા રાડાના જણાવ્યા મુજબ નાસતા ફરતા આરોપીઓને પકડતી તેમની સ્કવોર્ડે છેલ્લા ત્રણ દિવસમાં અલગ અલગ વિસ્તારમાંથી બાતમીને આધારે ત્રણ આરોપીઓને ઝડપી લીધા છે. નાસતા ફરતા આરોપીઓને પકડતી સ્કવોર્ડના પી.એસ.આઈ. ડી.બી. પરમાર તથા તેમની ટીમના પો.કો. ખોડસિંહ, ભૌમિકભાઈ, ધર્મેન્દ્રસિંહ, પ્રશાંતભાઈ તથા વિષ્ણુભાઈ સહિતના મળીને બે દિવસ અગાઉ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકા વિસ્તારથી લુંટના આરોપી કાંતિ શંકર ડામોરને પકડી પાડ્યો હતો. કાંતિ ડામોરે વર્ષ-૨૦૦૮માં ચાર વર્ષ પહેલા અડાલજ પોલીસમથકની હદ વિસ્તારમાં એક મકાનમાં ઘુસીને વૃદ્ધાને ઝેર પીવડાવવાનો પ્રયાસ કરી લુંટી લીધી હતી. ચાર વર્ષથી વોન્ટેડ આ શખ્સ ઝડપાઈ જતાં વધુ તપાસ માટે અડાલજ પોલીસને સોંપવામાં આવ્યો છે. તે ઉપરાંત કલોલ શહેર વિસ્તારમાં અકસ્માત સર્જીને ફરાર થઈ ગયેલો હિટ એન્ડ રન કેસનો આરોપી અમનઉલ્લાસ ઉર્ફે મણીલાલ કુરેશી (રહે. દહેગામ) પણ સ્કવોર્ડે ઝડપી લીધો છે. માણસા પોલીસ સ્ટેશન હદ વિસ્તારનો છેતરપીંડી વિશ્વાસઘાતના ગુનાનો આરોપી પણ પકડાઈ ગયો છે. સહારા ઈન્ડીયા કંપનીના નામે ગ્રાહકો પાસેથી પ્રિમિયમ લઈ લીધા બાદ માણસાના એજન્ટ રમેશ પુંજીરામ પ્રજાપતિએ પ્રિમિયમના રૂપિયા કંપનીને જમા ન કરાવી ફ્રોડ કર્યુ હોવાની ફરીયાદ નોંધાવા પામી હતી. આ વોન્ટેડ શખ્સ રમેશ પ્રજાપતી પણ કલોલ ડીવાયએસપી સ્કવોર્ડના હાથે ઝડપાઈ ગયો છે.



ગુજરાતમાં દારૂબંધીનો કાયદો હોવા છતા કેટલાક શખ્સો ગુજરાતમાં પરપ્રાંતીય વિદેશી દારૂનુ વેચાણ કરતા હોય છે. જેમાં ડીસા શહેર પોલીસ એને ડી સ્ટાફ પોલીસે ગઈ કાલે રાત્રીના બાર વાગ્યાના સુમારે રીજમેન્ટ ના મહાદેવ મંદિર પાસેના એક રહેણાક મકાનમાં રેડ કરતા અલગ અલગ બ્રાન્ડનો વિદેશી દારૂ ઝડપાયો હતો. જેમા દિનેશ રામચંદજી ઠાકોર રહે.રીજમેન્ટ મહાદેવ મંદીર પાસે આવેલ રહેણાક મકાનમાં ગેરકાયદેસર પાસ પરમીટ વગર વિદેશી દારૂ વેચતો હાવાની બાતમી ના આધારે ડીસા શહેર પોલીસ ના પી.એસ.આઈ- એમ.આર.ગોડલીયા તેમજ ડી સ્ટાફ પોલીસના મણીલાલ, મુકેશભાઈ, સહીતના સ્ટાફે ઓચીંતી રેડ કરતા દિનેશ રામચંદજી ઠાકોર ના ઘરમાંથી અલગ-અલગ બ્રાન્ડનો વિદેશી દારૂ બોટલ નંગ-૩૨ જેની કિંમત ૩૭૦૦નો કબજે કરી આરોપીને જેલ હવાલે કરી કાયદે સરની કાર્યવાહી હાથ ધરી છે અને આરોપીના રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરેલ છે.

# સરદાર સરોવર યોજનાની નહેરોના કાંઠે ઘાસાચારા ઉછેર કરવા નિર્ણય

ગાંધીનગર, તા. ૨૩

રાજ્ય સરકારે મંત્રીમંડળની અછત રાહત અંગેની બેઠકમાં લીધેલા નિર્ણય મુજબ સરદાર સરોવર નર્મદા નિગમની મુખ્ય નહેર, શાખા નહેરની સંપાદિત નહેર કાંઠાની જમીનમાં અછતની પરિસ્થિતિને ધ્યાને લઈને ઘાસ અને ઘાસચારો આપતાં પાકો જેવા કે રજકા, મકાઈ, બાજરો, જુવારનો પાક લેવા મંજુરી આપવાનું નક્કી કર્યું છે.

નર્મદા યોજનાના નહઠર માળખા પૈકી મુખ્ય નહેર તેમજ જે શાખા નહેરોમાં હાલ પાણી વહન થઈ રહ્યું છે તે નહેરોની સંપાદિત જમીનમાં પાળાની બહાર આવી પરવાનગી આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જે મુજબ વડોદરા, ખેડા, અમદાવાદ, ગાંધીનગર ઉપરાંત સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર તેજ રાજકોટ તેમજ ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, બનાસકાંઠા જિલ્લાઓમાં અંદાજે ૨,૫૦૦ એકર જમીનમાં રૂપિયા એક પ્રતિ એકરના ટોકન દરે ઘાસચારાનો પાક લેવાની પરવાનગી અપાશે તેમજ આ હેતુસર નહેરમાંથી વિના મૂલ્યે પાણી લેવાની પણ પરવાનગી અપાશે.

તદ્અનુસાર સરદાર સરોવર નર્મદા નિગમની મુખ્ય નહેર અને શાખા નહેરની સંપાદિત નહેર કાંઠાની જમીનમાં પાંજરાપોળ/ગૌશાળા, પિયત સહકારી મંડળી, જે તે ગામની દૂધ ઉત્પાદન મંડળી, સહકારી મંડળી, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિને વધુમાં વધુ ૨૫ એકર સુધી કે ખાતેદાર ખેડૂતને વધુમાં વધુ ૨ એકર સુધી ફાળવેલ જમીનમાં ઘાસચારાનો પાક લઈ શકશે અને તેનો ઉપયોગ તેઓ એક વર્ષ સુધી કરી શકશે. આ અંગે જે તે તાલુકાના મામલતદારશ્રી મંજુરી આપશે. આ માટેના મામલતદારશ્રીને કરવાની થતી અરજીનો નમૂનો સરદાર સરોવર નર્મદા નિગમની વેબસાઈટ www. sardar-sarovardam.org ઉપરથી અથવા સંબંધિત માલતદારશ્રીની કચેરીમાંથી મળી શકશે.

# કલોલ હાઈવે પર અકસ્માત બાદ ટોળુ વિફર્યુ : ચક્કાજામ

### રખડતા ઢોરોના ત્રાસથી હાઈવે પર અકસ્માતોનો સિલસિલો : બે મહિલા ગંભીર

કલોલ, તા. ૨૩

કલોલ-મહેસાણા હાઈવે પરથી સાંજના સુમારે પસાર થઈ રહેલી અલ્ટોકારને હાઈવે પર રખડતા ઢોરને કારણે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બે મહિલાઓને ગંભીર ઈજાઓ થવા પામી હતી જ્યારે વારંવાર રખડતા ઢોરના ત્રાસથી સર્જાતા અકસ્માતોથી કંટાળેલા ગ્રામજનો રસ્તા પર આવી ચઢ્યા હતા. અને વાહનો થંભાવી મુકીને ચક્કાજામ કરી મુક્યો હતો. આ બાબતે પોલીસને જાણ થતાં કલોલ શહેર પોલીસ સ્થળ પર આવી પહોંચી હતી અને પરિસ્થિતિને થાળે પાડતા ટ્રાફીક હળવો થયો હતો.

કૃષ્ણનગર વિસ્તારનું પરિવાર અલ્ટોકારમાં ઘરે પરત ફરી રહ્યું હતું. ગઈકાલે સાંજે આઠેક વાગ્યાના અરસામાં આ અલ્ટોકાર સડસડાટ મહેસાણા-કલોલ હાઈવે પરથી પસાર થઈ રહી હતી ત્યારે કલોલની ટેકનીકલ સ્કૂલ સામે હાઈવે પર એક રખડતુ ઢોર દોડી આવતા કારચાલકે સોર્ટ બ્રેક મારી દીધી હતી જો કે ઢોર સાથએ અકસ્માત થતા બચી ગયેલી કારને પાછળથી પુર ઝડપે આવતી એક સ્વિફટ કારના ચાલકે ટક્કર મારી દેતા અકસ્માત સર્જાયો હતો.

જેમાં અલ્ટોમાં બેસેલા હંસાબેન ભાનુભાઈ પંચાલ અને સવિતાબેન પોપટલાલ પંચાલને ઈજાઓ થતાં તાત્કાલિક કલોલ સિવિલ હોસ્પિટલ લઈ વામાં આવ્યા હતા. બન્ને ઈજાગ્રસ્ત મહિલાઓની તબિયત નાજુક જણાતા વધુ સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. આ પ્રકારે છાશવારે રખડતા ઢોરને પગલે સર્જાતા જીવલેણ અકસ્માતોથી ઉશ્કેરાયેલા ગ્રામજનોનું ટોળુ હાઈવે પર આવી ચઢ્યું હતું. અને વાહનો રોકીને ચક્કાજામ કરી મુક્યો હતો. જો કે કલોલ શહેર પી.આઈ. આર.જી. ભાવસારને આ સંદર્ભે જાણ થતાં તાત્કાલિક ટીમ મોકલી પરિસ્થિતિને કાબુમાં લઈ લીધી હતી.


# ડીસાના આખોલ ચાર રસ્તા પાસે ટર્બો ટ્રક અને ટેન્કર વચ્ચે અકસ્માતમાં એકનુ મોત

ડીસા, તા. ૨૩

ડીસાના આર.ટી.ઓ ચાર રસ્તા આખોલ ગામ નજીક ગત રાત્રીએ બનાસડેરી ના ભાડાપટ્ટા કરારે ચાલતા દુધના એક ટેન્કર અને ટર્બો ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં આગળ પડેલા ટર્બો ટ્રક ની પાછળ ગફલત ભર્યા ડ્રાઈવીંગે ટેન્કર ચાલક ધુસી જતા ધટના સ્થળે જ ગંભીર ઈજાઓએ તેનુ મોત થયું હતું. આ મામલે ડીસા તાલુકા પોલીસે ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરી ધોરણશર તપાસ હાથ ધરેલ છે.

આ અકસ્માતની વિગતો જોઈએ તો મોડી રાત્રે ભીલડીથી ડીસા તરફ દુધ ભરી આવતા બનાસડેરી સાથે ભાડાપટ્ટાએ કરારબદ્ધ એક ટેન્કર આર.ટી.ઓ. સર્કલ ઓવરબ્રિજ પાસે આગળ ઉભેલા એક ટર્બો ટ્રક સાથે ધડાકાભેર અથડાયું હતું. રાત્રીના દોઢ વાગ્યા આસપાસ ધડાકાભેર ટર્બો ટ્રક અને ટેન્કર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા આજુબાજુના રહીશો દોડી આવ્યા હતા. અને તે બાદ આ મામલે ડીસા તાલુકા પોલીસને જાણ કરાતા પોલીસ ધટના સ્થળે દોડી આવી હતી. આ અકસ્માતમાં ટેન્કરમાં સવાર ચાલક ઈશ્વરજી રૂપસીંહ રાજપુત ઉમર વ"ર્ા-૪૩ રહે.ખીમાણા પાદર તાલુકો-વાવ વાળાઓ ગંભીર ઈજાઓએ ધટના સ્થળે જ મોતને ભેટયા હતા. ડીસા તાલુકા પી.એસ.આઈ-કે.એલ.કોટડે ધટના સ્થળે પહોચી લાશનો કબ્જો સંભાળ્યો હતો. અને મૃતકને પી.એમ.અર્થે ડીસાની સરકારી હોસ્પીટલ ખાતે પી.એમ.અર્થે ખસેડયો હતો. આ મામલે ડીસા તાલુકા પોલીસે ટ્રક નંબર-આર.જે.ર.જે.૩૯૮૫ ના ચાલક સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## શબ્દાવલી - ૪૮૨૪



**આડી ચાવી**

- ૧. ન્યૂઝ, ખબર (૪)
- ૪. ફેલાવો, જાણ કરવી (૩)
- ૬. તુક્કા (૨)
- ૭. ગાંઠ, આંટી, ગેડ (૨)
- ૯. એક બાળરમત (૬)
- ૧૧. એક કઠોળ - અનાજ (૩)
- ૧૨. દારૂગોળો ફેંકવાનું સાધન (૨)
- ૧૩. 'મગદાળ' શબ્દ આડોઅવળો (૪)
- ૧૪. બળવાન, બહાદુર (૨)
- ૧૫. લોઢી, તવો (૨)
- ૧૬. કેડી, રસ્તો (૩)
- ૧૯. એક તેલીબીયા (૨)
- ૨૧. 'ઉધાર'નું વિરોધી (૨)
- ૨૨. તહોમત, આળ (૩)
- ૨૩. ફાયદો, લાભ (૪)

**ઊભી ચાવી**

- ૧. સતેજ, ચૌકન્નું (૩)
- ૨. પરિક્ષામાં મેળવેલ ગુણ (૨)
- ૩. જેમતેમ કરીને, ધીમે ધીમે (૬)
- ૫. ચામડા જેવી ટકાઉ વસ્તુને પણ ઓછા વપરાશે તોડી નાખે તેવા (૫)
- ૮. અંગુઠો બતાવવો (૨)
- ૯. અડદિયામાં આનો લોટ નંખાય (૩)
- ૧૦. ગુસ્સો, ક્રોધ (૨)
- ૧૧. અટકચાળુ, તોફાની (૫)
- ૧૩. વિચાર, વોટ (૨)
- ૧૪. ખુબ હોવું તે, અતિશય (૪)
- ૧૭. ખુબ હોવું તે, અતિશય (૪)
- ૧૮. પહાડ, ડુંગર (૩)
- ૨૦. સવા નવને પાંચ એટલે... થાય (૨)

**શબ્દાવલી ૪૮૨૩ના જવાબ**

**આડી ચાવી :-** (૧) લેબોરેટરી (૪) અલી (૫) કલિયુગ (૬) ગુલામ (૯) મહી (૧૧) ડફલી (૧૨) અચેત (૧૩) કોલ (૧૪) પતી (૧૫) નિડર (૧૬) ફના (૧૯) પનાહ (૨૧) મધરાત (૨૨) નજર

**ઊભી ચાવી :-** (૧) લેભાગુ (૨) ટક (૩) રિલીફ (૪) અગમચેતી (૭) લાડકોડ (૮) મફલર (૧૦) હિત (૧૨) અપનાપન (૧૫) નિયમ (૧૭) પ્રહર (૧૮) વાત (૨૦) નાજ

## સ્વરૂપ સંપટ સાથે મુલાકાત..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

'હાલ આપ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા છો ?'

'આ બધાં જ. હું શિક્ષણના ક્ષેત્રમાં છું, સમાજસેવાના ક્ષેત્રમાં છું અને હા, ફિલ્મોમાં પણ કામ કરું જ છું. તાજેતરમાં જ 'બિઝનેસમેનની વાઈફ' નામની એક ફિલ્મમાં મેં અભિનય આપ્યો છે, જે ટૂંક સમયમાં જ રિલીઝ થવા જઈ રહી છે.'

'ગુજરાતથી આપ કેટલા પરિચિત છો ?'

'એમ સમજો કે હું સમગ્ર ગુજરાતથી પરિચિત છું. ૨૦૦૮થી તો ગુજરાતભરમાં તાલીમ માટે ફરી જ છું પરંતુ એ પહેલાં પણ મેં ઘણું ગુજરાત જોયું છે - મારા પિતા સાથે. તેઓ નેશનલ થિયેટરમાં ચીફ પ્રોડ્યુસર હતા ને એમની સાથે હું રાજકોટ, ભૂજ, ભાવનગર એમ આખુંય ગુજરાત ફરી છું, ગુજરાતથી હું પુરેપુરી વાકેફ છું એમ તમે કહી શકો.'

## રીક્ષા ચાલકોએ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફરિયાદ પણ ટ્રાફિક પોલીસના ધ્યાને આવી છે. આ ફરિયાદોને ધ્યાને લઈ ટ્રાફિક પોલીસ ઈન્સ્પેકટર વાય. આર. ગામીતે શહેરના મહત્વના સ્ટેન્ડ પર રીક્ષા ભાડાના બોર્ડ મુકવાનો નિર્ણય લીધો હતો. જ્યારે આ અન્વયે પથિકાશ્રમ, ઈન્ફોસીટી, સે. ૨૧, ઘ-૦ તેમજ ઘ-૫ બસસ્ટેન્ડ પાસે ટ્રાફિકતંત્ર દ્વારા મીટર પ્રમાણે ભાડુ દર્શાવતા બોર્ડ પણ લગાવી દેવાયા છે. આગામી સમયમાં શહેરમાં બાકી રહેતા અન્ય પોઈન્ટ ઉપર પણ આ મુજબના બોર્ડ મુકી દેવાશે. જ્યારે જે રીક્ષાચાલકો મીટર પ્રમાણે નિયત ભાડાથી વધુ રકમ વશુલશે તેવા કિસ્સામાં દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

# બેટી બચાવો બેટી વધાવો અંતર્ગત નિકળેલી સ્કેટીંગ યાત્રાનું પ્રાંતિજમાં ભવ્ય સ્વાગત

પ્રાંતિજ, તા. ૨૩

બેટી બચાવો અભિયાન અંતર્ગત બેલગામ રૂરલ સ્કેટીંગ એકેડમીની ૨૦ બાળાઓ આ અભિયાનમાં જોડાઈ છે અને બેલગામથી લઈ કર્ણાટક, મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાન જેવા નગરોમાં થઈ ૨૦૦૦ કિ.મી. સુધીનું અંતર કાપી ભારતની રાજધાની ખાતે આવેલ સંસદભવન સુધી જશે.

આજે ૨૧મી સતાબ્દીમાં મનુષ્ય જ્યારે અવકાશમાં પહોંચ્યો છે ત્યારે આજે પણ આપણા દેશમાં છોકરીનો જન્મ થવો તેને એક અભિશાપ માને છે. છોકરીને દુનિયામાં આવતા જ પહેલા જ એબોશન દ્વારા તેને મારી નાખવામાં આવે છે. અત્યારે આપણા સમાજે આ વિચારને બદલવાની જરૂર છે. આમ બેટી બચાવો બેટી વધાવો અંતર્ગત બેલગામ રૂરલ એકેડમીએ બેટી બચાવોના નારા સાથે બેલગામથી છેક દિલ્હીના સંસદ ભવન સુધી ૨૦૦૦ કિ.મી.ની સ્કેટીંગયાત્રાનું આયોજન કર્યુ છે. જે સ્કેટીંગ યાત્રામાં ૨૦ બાળાઓ જોડાઈ છે અને આજે પ્રાંતિજ શહેરમાંથી પસાર થયેલી આ સ્કેટીંગ યાત્રાનું સર્વે નાગરિકો દ્વારા ઉષ્માભર્યુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તા. ૧૫મી ઓગષ્ટે બેલગામથી નિકળેલી આ સ્કેટીંગયાત્રા તા. ૩૦મી ઓગષ્ટે દિલ્હી પહોંચશે જેમાં સવિશેષ ૧૦ થી ૧૨ વર્ષની બાળાઓ જોડાઈ છે. અને વિવિધ બેનરો અને પ્લેકાર્ડ સાથે બેટી બચાવો બેટી વધાવોના સંદેશા પાઠવી રહી છે.

પ્રાંતિજ ખાતેથી પસાર થયેલી આ યાત્રાનું ધારાસભ્ય દિપસિંહ રાઠોડ, પ્રો. કાન્તીભાઈ પ્રજાપતિ સહિત એસ.જી. દવે વગેરે હાજર રહ્યા હતા અને તેનું પુષ્પોથી સ્વાગત કર્યુ હતું.

**ટચુકડી**
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧